## :: પ્રેસનોટ ::

# આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત "અલુણાવ્રત ઉજવણી નિમિત્તે મહેંદી અને ગોરમાગીત સ્પર્ધા"

વિષય : આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાનાર મહેંદી અને ગોરમાગીત સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત "અલુણાવ્રત ઉજવણી નિમિત્તે નીચે મુજબની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે.

| ક્રમ | તારીખ/વાર | સમય | સ્પર્ધા | વિભાગ | સ્થળ | પ્રવેશફોર્મ સ્વીકારવાની અંતિમ તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૦૮/૦૭/૨૦૨૨ શુક્રવાર | બપોરે ૧૨.૦૦ થી ૧.૦૦ કલાક | મહેંદી સ્પર્ધા | પ્રાથમિક (ધો.૪ થી ૮) | કતારગામ કોમ્યુનિટી હોલ, વસ્તાદેવડી રોડ, સુરત | ૦૫/૦૭/૨૦૨૨ મંગળવાર |
| | | | | માધ્યમિક (ધો.૯ થી ૧૨) | | |
| ૨ | | બપોરે ૨.૦૦ થી ૩.૦૦ કલાક | | ખુલ્લો વિભાગ (૧૮ થી ૪૦ વર્ષ) | | |
| ૩ | ૧૨/૦૭/૨૦૨૨ મંગળવાર | સવારે ૧૧.૦૦ કલાકે | ગોરમાગીત સ્પર્ધા | પ્રાથમિક (ધો.૪ થી ૮) | પરફોર્મિંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી, અડાજણ, સુરત | ૦૮/૦૭/૨૦૨૨ શુક્રવાર |

મહેંદી સ્પર્ધામાં સુરત શહેરની પ્રાથમિક અને માધ્યમિક શાળાની વિદ્યાર્થીનીઓ તથા ખુલ્લા વિભાગમાં ૧૮ થી ૪૦ વર્ષની સુરત શહેરની મહિલાઓ ભાગ લઈ શકશે. પ્રાથમિક અને માધ્યમિક વિભાગની શાળાઓએ મહેંદી સ્પર્ધાના પ્રવેશપત્રો શાળા મારફત જ સાંસ્કૃતિક વિભાગમાં મોકલવાના રહેશે.

ગોરમાગીત સ્પર્ધામાં શહેરની પ્રાથમિક શાળાઓની વિદ્યાર્થીનીઓ/કન્યાઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં. ૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મેળવી પ્રવેશપત્ર સાથે જન્મનો દાખલો, સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ અથવા અન્ય ઉંમરના પુરાવાની સર્ટીફાઈડ કોપી સહિત પરત કરવાના રહેશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news તથા mysurat.in વેબસાઈટ પરથી પણ સ્પર્ધામાં ભાગ લેવા બાબતની પ્રેસનોટ, નિયમો અને પ્રવેશ ફોર્મ મળી શકશે.

સમાચારયાદી નં.૧૨૦, તા.૨૭/૦૬/૨૦૨૨, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# સુરત મહાનગરપાલિકા

## મહેંદી સ્પર્ધાનું પ્રવેશપત્ર

## ખુલ્લો વિભાગ(૧૮ થી ૪૦ વર્ષ)

૧. સ્પર્ધકનું આખું નામ :–

૨. સરનામું :–

૩. ટેલીફોન નંબર/મોબાઈલ નંબર :–

૪. જન્મ તારીખ :–

તા.૧/૭/૨૦૨૨ના રોજ પૂરી થતી ઉંમર :– વર્ષ : માસ : દિવસ :

આ સાથે મહેંદી સ્પર્ધાના તમામ નિયમો મેં વાંચ્યા છે. જે મને બંધનકર્તા છે. નિર્ણાયકોનો નિર્ણય મને માન્ય રહેશે.

તા. / /૨૦૨૨. ............................................................

સ્પર્ધકની સહી.

........................................................................................................................................

## પહોંચ

### સુરત મહાનગરપાલિકા આયોજીત ખુલ્લા વિભાગની મહેંદી સ્પર્ધા

નામ...................................................................

તા. / /૨૦૨૨.

સેકશન ઓફિસર,
સાંસ્કૃતિક વિભાગ.

**નોંધ :–** કતારગામ કોમ્યુનિટી હોલ, વસ્તાદેવડી રોડ, સુરત ખાતે યોજાનાર મહેંદી સ્પર્ધામાં **આ પહોંચ તથા ફોટા સાથેનું ઓળખપત્ર વગર ભાગ લઈ શકાશે નહિં.**

# સુરત મહાનગરપાલિકા

## મહેંદી સ્પર્ધાના નિયમો

"આઝાદી કા અમૃત મહોત્સવ" અને અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા નીચે મુજબની મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.

| ક્રમ | તારીખ/વાર | સમય | વિભાગ | સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | ૦૮/૦૭/૨૦૨૨ શુક્રવાર | બપોરે ૧૨.૦૦ થી ૧.૦૦ કલાક | પ્રાથમિક (ધો.૪ થી ૮) | કતારગામ કોમ્યુનિટી હોલ, વસ્તાદેવડી રોડ, સુરત |
| | | | માધ્યમિક (ધો.૯ થી ૧૨) | |
| ૨ | | બપોરે ૨.૦૦ થી ૩.૦૦ કલાક | ખુલ્લો વિભાગ(૧૮ થી ૪૦ વર્ષ) | |

૧. **સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારમાં આવેલી પ્રાથમિક(ધો.૪ થી ૮) / માધ્યમિક(ધો.૯ થી ૧૨) શાળાની વિદ્યાર્થીનીઓ તેમજ ખુલ્લા વિભાગમાં સુરત શહેર વિસ્તારમાં રહેતી ૧૮ થી ૪૦ વર્ષની કન્યાઓ, યુવતીઓ તેમજ મહિલાઓ ભાગ લઈ શકશે. ૪૦ વર્ષથી ઉપરની મહિલાઓ ભાગ લઈ શકશે નહિ.**

૨. **તા.૦૧.૦૭.૨૦૨૨** ના રોજ પૂરી થતી વય મુજબ સ્પર્ધકોની ઉંમર ગણાશે. પ્રવેશ ફોર્મમાં ઉંમર પ્રમાણે જે તે વિભાગ લખવાના રહેશે.

૩. સ્પર્ધકોની ઉંમરના પુરાવા તરીકે જન્મનો દાખલો, સ્કુલ લીવીંગ સર્ટીની અથવા અન્ય પુરાવાની સર્ટીફાઈડ કોપી રજુ કરવાની રહેશે. પ્રવેશ ફોર્મમાં શાળાના આચાર્યશ્રીએ ઉંમર અંગેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

૪. ખુલ્લા વિભાગના સ્પર્ધકોએ સ્પર્ધા સ્થળે પ્રવેશ માટે ફરજીયાતપણે પ્રવેશપત્રની પહોંચ અને ફોટો આઈ.ડી. રજુ કરવાનું રહેશે. અન્યથા તેઓ સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહીં.

૫. **પ્રાથમિક અને માધ્યમિક વિભાગના સ્પર્ધકે પોતાના હાથમાં જ મહેંદી મૂકવાની રહેશે. કોઈપણ સંજોગોમાં બીજાના હાથમાં મહેંદી મૂકી શકાશે નહીં. અન્યથા તેઓ સ્પર્ધા માટે માન્ય ગણાશે નહીં.**

૬. **ખુલ્લા વિભાગમાં સ્પર્ધક બીજાના હાથ પર મહેંદી મુકી શકશે પરંતુ બે સ્પર્ધક એક જ વ્યકિતના હાથમાં મહેંદી મુકી શકશે નહિં. અન્યથા તેઓ સ્પર્ધા માટે માન્ય ગણાશે નહીં.**

૭. સ્પર્ધાનો સમય ૧.૦૦ કલાકનો રહેશે. સ્પર્ધામાં મહેંદીના કોન સ્પર્ધકે પોતે લાવવાના રહેશે.

૮. આ મહેંદી સ્પર્ધામાં એક શાળામાંથી પ્રાથમિક વિભાગમાં ૧૦(દસ) વિદ્યાર્થીનીઓ અને માધ્યમિક વિભાગમાંથી ૧૦(દસ) વિદ્યાર્થીનીઓ જ ભાગ લઈ શકશે તથા મહેંદી હરિફાઈમાં પ્રાથમિક અને માધ્યમિક વિભાગના પ્રવેશપત્રો શાળા મારફત જ સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત ખાતે મોકલવાના રહેશે.

૯. મહેંદીની ડીઝાઈન સ્પર્ધાના સમય દરમ્યાન જ કરવાની રહેશે. અગાઉથી કરેલી ડીઝાઈન માન્ય રખાશે નહી, તેમજ કોઈપણ સાહિત્યનો ઉપયોગ કરીને મહેંદીની ડીઝાઈન મૂકી શકાશે નહિં. જો આવું ધ્યાન પર આવશે, તો એન્ટ્રી રદ ગણાશે.

૧૦. સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોએ સ્પર્ધાના સ્થળે પોતાના ખર્ચે નકકી કરેલા સમયે હાજર થવાનું રહેશે. **૧૫ મિનીટથી મોડા આવનાર સ્પર્ધકોને સ્પર્ધામાં પ્રવેશ આપવામાં આવશે નહિં.**

૧૧. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા સ્પર્ધકોએ સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત ખાતે તથા સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news તથા mysurat.in વેબસાઈટ પરથી પ્રવેશપત્રો મેળવી ઉંમરના પુરાવા સાથે **તા.૦૫/૦૭/૨૦૨૨ને મંગળવાર** સુધીમાં પરત આપવાના રહેશે. ત્યાર બાદ અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહિં.

૧૨. સ્પર્ધા અંગે નિર્ણાયકશ્રીનો નિર્ણય આખરી ગણાશે, જે અંગે કોઈ વાદ વિવાદ કે તકરાર ચાલશે નહિં.

૧૩. સ્પર્ધા અંગેની તમામ બાબતોમાં મ્યુ.કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે અને તમામને માટે બંધનકર્તા રહેશે.

Sd/-xxx
આસી.મ્યુનિ.કમિશનર અને
ઈ.ચા.ડે.મ્યુનિ.કમિશનર

**નોંધઃ–** ભરેલા પ્રવેશપત્રો સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત ખાતે **તા.૦૫/૦૭/૨૦૨૨ સુધી સ્વીકારવામાં આવશે.** ત્યારબાદ અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ. સ્પર્ધકે તા.૦૮/૦૭/૨૦૨૨ના રોજ ઉપરોકત વિભાગ પ્રમાણે દર્શાવેલ સમયે કતારગામ કોમ્યુનિટી હોલ, વસ્તાદેવડી રોડ, સુરત ખાતે હાજર થવાનું રહેશે. વધુ માહિતી માટે સાંસ્કૃતિક વિભાગ ટે.નં.૨૪૨૩૭૫૧–૨૭૯નો સંપર્ક કરવો.